**ફોજદારી કેસ નં. ૧૪૭/૨૦૨૬**

**ફરિયાદી :- શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :- રમજાન જાફર મેણ**, ઉવ. ૨૫

**ગુનો :- બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ.**

## // ચુકાદો //

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, ભુજ-કચ્છનું જાહેરનામું અમલમાં હોવા છતાં જાહેરનામાનો ભંગ કરેલ હોય જે અંગે પોલીસ ધ્વારા નામ. કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જે ફરિયાદ અનુસાર આ કામના આરોપીએ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબનો ગુનો કરેલ છે અને હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને ફરિયાદ સાથેના પેપર્સની નકલ આપી, ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીસ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઈ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઈના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહીં માનવા માટે મને કોઈ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે. ઉપરોકત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ આખરી હુકમ કરૂં છું.

## // આખરી હુકમ //

૧. આ કામના હાલના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૫૨ અન્વયે **બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૨૨૩** મુજબના ગુના માટે આરોપીને તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂા.૧,૨૫૦/- (અંકે રૂપીયા એક હજાર બસ્સો પચાસ પુરા)** નો દંડ, જો દંડ ના ભરે તો દિન-૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમિયાન/અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **ચૌદમી,** માહે: **માર્ચ**, સને **બે હજાર છવ્વીસ**નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલત અન્વયેની સ્પેશ્યિલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
મુંદરા-કચ્છ.

**(હિતેષ જયંતિલાલ તન્ના)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુન્દ્રા-કચ્છ.
જજ કોડ - જી.જે.૦૦૯૫૫.